વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૫૨ દિનાંક : ૧૫.૦૫.૨૦૧૭ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## લશ્કરના જવાનોને કમાન્ડો ટ્રેનીંગ આપાતા એકમાત્ર મહિલા, બ્લેક બેલ્ટ ડૉ. સીમા રાવ

સ્વતંત્રતા સેનાની પ્રોફેસર રમાકાન્ત સીનરીના દિકરી તથા મેજર દીપક રાવના પત્ની ડૉ. સીમા રાવ એક માત્ર મહિલા છે જે સેના, નૌસેના, બીએસએફ, આસામ રાઈફલ, એનએસજી તથા દેશના વિભિન્ન રાજ્યોની પોલીસને કમાન્ડો ટ્રેનીંગ આપે છે. વિદ્યાર્થીકાળમાં તે ખૂબ જ નબળા હતા. તેમની શાળામાં અન્ય વિદ્યાર્થીઓ તેમની દૂર્બળતાને કારણે પરેશાન કરતા હતા. તેમણે વિચાર્યું કે એવું કંઈક કરવું જેથી મહિલા અબળા કે નબળા નથી પણ પ્રચંડ શક્તિનો પૂંજ છે. તે જ્યારે મેડિકલનો અભ્યાસ કરતા હતા ત્યારે તેમનો ભેટો મેજર દીપક સાથે થયો. બન્નેએ લગ્ન કર્યાં અને મેજર દીપકે ડૉ. સીમાને માર્શલ આર્ટની તાલીમ અપાવી અને બ્લેક બેલ્ટની ઉપાધી મેળવી. તેમણે આ કૌશલ્યનો ઉપયોગ દેશભક્તિ માટે કરવાનો નિર્ધાર કર્યો. લશ્કરના જવાનોને સ્વરક્ષણ તથા આક્રમણ માટે માર્શલ આર્ટ શીખવવાનું નિર્ધારીત કર્યું. તેમણે આજદિન સુધી વિના મૂલ્યે તથા વિના પુરસ્કાર ૨૦,૦૦૦થી પણ વધુ જવાનોને કમાન્ડો ટ્રેનીંગ આપી છે. આ પ્રકારની તાલીમ આપનાર ડૉ. સીમા રાવ એક માત્ર મહિલા છે. ડૉ. સીમા રાવ તબીબીક્ષેત્રની તથા અન્ય ક્ષેત્રોની મહિલાઓ માટે પ્રેરણાસ્રોત છે.

## કાશ્મીરના યુવાનોના રોલ મોડલ બનતા કાશ્મીરી યુવાન શહીદ લેફ્ટનન્ટ ઉમર ફયાજ

કાશ્મીર ખીણનો દક્ષિણ પ્રદેશ હાલમાં આતંક અને અરાજકતાના વાતાવરણમાં અશાંતિ અનુભવે છે. શાળા-કોલેજો તથા વ્યાપાર ઉદ્યોગ અને સરકારી વહીવટી કામકાજ ઠપ થયા છે. ત્યાંનાં કેટલાક યુવાઓ આતંકવાદ તરફ વળ્યા છે. પત્થરબાજી, બેંકલૂટ, જવાનોના નિવાસ સ્થાનો પર હૂમલા, અપહરણ તથા આવી અનેક અલગતાવાદી અને હિંસક પ્રવૃત્તિઓ કરે છે. હવે આવા માહોલમાં કાશ્મીર પ્રશ્નના નિરાકરણ માટે તથા ભટકેલા યુવાનોને રાષ્ટ્રપ્રવાહમાં લાવવા ૨૨ વર્ષના કાશ્મીરી યુવાન શહીદ લેફ્ટનન્ટ ઉમર ફયાજની શહીદી રંગ લાવી છે. કાશ્મીરખીણના મોટાભાગના યુવાનો આ શહીદની છ આતંકવાદીઓ દ્વારા થયેલી નિર્મમ હત્યાથી વ્યથિત છે. કાશ્મીરી યુવાનો પણ લશ્કરમાં ભરતી થયા છે. હાલમાં આ આંકડો ૧૯૦૦૦ને વટાવી ગયો છે. આ લશ્કરી યુવાનો માટે ફયાજ રોલ મોડેલ છે. તેમણે કાશ્મીરમાંથી આતંકવાદી તથા અલગતાવાદી તત્વોને પાઠ ભણાવવાનું બીડું ઝડપ્યું છે. આતંકવાદીઓ સ્વ. ફયાજથી કાંપતા હતા. આ શહીદની આ વિસ્તારમાં ધાક હતી. તેમનું નામ પડતાંની સાથે આતંકવાદીઓ કાંપી ઉઠતા હતા. જ્યારે લે. ઉપર ફયાજ એક સામાજિક લગ્ન પ્રસંગે હથિયાર વિનાના હતા ત્યારે છ આતંકવાદીઓએ તેમનું અપહરણ કરી તેમને મોતને ઘાટ ઉતારી તેમની લાશને સડક પર પેંકી દીધી હતી. આમાનાં ત્રણ આતંકવાદીઓને લશ્કરે ઓળખી લીધા છે. આ કાશ્મીરી યુવાનની શહીદી એળે જશે નહિ. કાશ્મીરી યુવાનો જ લે. ફયાજની જેમ આતંકવાદ તથા અલગતાવાદનો ખાતમો બોલાવશે તેવી આશાનું કિરણ આ અશાંત કાશ્મીરખીણ વિસ્તારમાં પ્રગટ્યું છે.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૧મી જૂનની ઉજવણી ગુજરાત-અમદાવાદમાં

યોગગુરુ બાબા રામદેવના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧મી જૂનની ભવ્ય ઉજવણી ગુજરાતના અમદાવાદ શહેરમાં થશે. પત્રકાર પરિષદમાં

યોગગુરૂએ આ અંગે વિસ્તૃત માહિતી આપી છે. ૧૮મી જૂનથી આ કાર્યક્રમની શરૂઆત થશે. સવારે એક લાખથી વધુ સાધકો યોગ કરશે. તા. ૨૧મીએ આ આંકડો પાંચ લાખથી પણ વધુ થવાની સંભાવના છે. વર્લ્ડ રેકોર્ડ થવાની શક્યતા છે. બાબાએ જણાવ્યું કે અમદાવાદની આસપાસના વિસ્તારમાં તથા અમદાવાદ શહેરના વિવિધ સ્થળોએ ૫૦૦૦થી પણ વધુ યોગવર્ગો પૂર્વ તૈયારીના સંદર્ભમાં થશે. યોગશિબિર માટે ઑનલાઈન તથા ડોર ટુ ડોર યોગમાં ભાગ લેનારની નોંધણી થશે. GMDC ગ્રાઉંડ તથા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મોટા ગ્રાઉન્ડનો ઉપયોગ થશે. આ ઉજવણીના માધ્યમથી યોગને ઘેર-ઘેર પહોંચાડી લોકોના સ્વાસ્થ્ય અંગે સભાનતા લવાશે. જીનેટિક રોગો, હિંસક માનસ, માનસિક અશાંતિ, ચિંતા, ભય તથા વિવિધ પ્રકારના અંગરોગોમાં યોગના ફાયદાની જાણકારી લોકો સુધી પહોંચાડાશે. બાબાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે યોગ અને કર્મયોગ જ દેશના વિકાસનો પાયો બની રહેશે. યોગ માટે ૮૨ લાખ ફેશબુક પર તથા ૭ લાખ લોકો ટ્વીટર્સના માધ્યમથી સંપર્કમાં છે. હિન્દુ ઉપરાંત મુસ્લિમ, શીખ, ઈસાઈ તથા અન્ય સંપ્રદાય કે ધર્મના સર્વેને આ યોગદિવસની ઉજવણી માટે આમંત્રણ અપાશે. સાધુસંતો પૂ. મોરારીબાપુ, શ્રી રમેશભાઈ ઓઝા તથા સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુગણ તથા ગુજરાત તથા દેશના વિવિધ સંપ્રદાયના ગુરુ-વડાઓ આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ઉપસ્થિત રહેશે. આ પત્રકાર પરિષદમાં પત્રકારોના વિવિધ પ્રશ્નોના ઉત્તરો પણ યોગગુરુએ આપ્યા હતા. તેમણે જણાવ્યું કે દરરોજ સવારે ૪ થી ૮ સુધી યોગ તથા નિત્યક્રિયામાં વ્યસ્ત રહું છું. બાકીનો સમય યોગના પ્રચાર-પ્રસાર અને દેશ સેવા માટે ફાળવું છું.

## માત્ર એક ગાય ખરીદી, મહિલા ડેરીનું નિર્માણ કરતાં પાંચ ચોપડી પાસ મહિલા-હેમલતા રાવત

ભીલવાડા જિલ્લાના ધાપડા ગામની મહિલા હેમલતા રાવત રાજસ્થાનના આ દુર્ગમ વિસ્તારની રોલ મૉડલ બની છે. ૪૬ વર્ષની આ મહિલા માત્ર પાંચ ચોપડી પાસ છે. આ વિસ્તારમાં જૂજ પ્રમાણમાં ખેતીવાડી છે. તેથી રોજગારનો નવો વિકલ્પ માત્ર પશુપાલન તથા ડેરી ઉદ્યોગ છે. હેમલતાએ શરૂઆતમાં માત્ર એક ગાય ખરીદી અને તેના દૂધ ઉત્પાદનમાંથી પરિવારનું ગુજરાન થવા માંડ્યું. ત્યારબાદ ધીરે ધીરે ગામની ૪૨ મહિલાઓને સાંકળી મહિલા મંડળી બનાવી અને મહિલા ડેરીની સ્થાપના કરી જે આજે દિવસનું ૧૧૦૦ લીટર દૂધ પૂરૂં પાડે છે. આ મહિલા સદસ્યોને બીમારિના સંજોગોમાં રૂ. પંદર હજાર આપવામાં આવે છે જે પરત લેવાતા નથી તથા ગાય અથવા ભેંસ ખરીદવા રૂ. વીસ હજારની લોન અપાય છે. પંદર દિવસ સુધી આ ડેરીમાં દૂધ એકઠું કરી તેનું વિતરણ કરવામાં આવે છે. બાકીના પંદર દિવસ દૂધના પૈસા આપવામાં આવે છે જે પરિવારના નિભાવમાં કામ આવે છે. આ મહિલા ડેરીએ પૂરક વ્યવસાય તરીકે મસાલા બનાવવાનું પણ શરૂ કર્યું છે. હેમલતાએ નજીકના ગામ જ્ઞાનગઢની ડેરીને પણ દૂધ આવપાનું શરૂ કર્યું છે. આસપાસના દસ ગામડાઓમાંથી લોકો અહીં દૂધ લેવા આવે છે. આ ડેરી ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓને મહિને ત્રણ લાખ રૂપિયાનું વેતન પણ ચૂકવવામાં આવે છે. હેમલતા રાવતે સંઘશક્તિ તથા ઉદ્યમના માધ્યમથી મહિલાઓને આર્થિક પગભર થવાનો આ મહિલા ડેરીનો ઉદ્યોગ વિકસાવી આ વિસ્તારની ગરીબી તથા બેરોજગારીના પ્રશ્નોને હલ કર્યા છે.

## હેલમેટ વિના કે નશાની હાલતમાં બાઈક કે સ્કૂટર ચાલુ ન થાય તેવી ડિવાઈસ વિકસાવતા હોશિયરપુરના એન્જિનિયર છાત્રો

હોશિયારપુરની જે. આર. પોલીટેકનિક કૉલેજના ઈલેક્ટ્રોનિક કૉમ્યુનિકેશનના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓ શિવમ, દિનેશ શર્મા, સુમિત, જસપ્રીતસિંહ તથા કર્ણએ દ્વિચક્રી વાહનો દ્વારા થતા અકસ્માતના નિવારણ માટે વિશિષ્ટ પ્રકારની ડિવાઈસ બનાવી છે. તેમણે એક સેંસર સિસ્ટમ બાઈક સાથે લગાવી છે જે બેટરીથી ચાર્જ થાય છે. હેલમેટમાં લગાવેલ સેંસરથી તેને ન પહેરનાર તથા ડ્રાઈવર નશાની હાલતમાં હોય તો બે સેકન્ડમાં બાઈક તથા સ્કૂટર બંધ થઈ જાય છે. દ્વિચક્રી વહાનોથી દેશમાં ૯૨ ટકા અકસ્માતો સર્જાય છે. આ યુવાનોની નવતર શોધથી બાઈક તથા સ્કૂટર બનાવતી કંપનીઓને પણ અકસ્માત નિવારણ માટે દિશા મળી શકે તેમ છે. આ પ્રોજેક્ટ બનાવવા વિદ્યાર્થીઓને ૮ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે.

## 'બેટી બચાવો, બેટી પઢાઓ તથા બેટી બઢાઓ' અભિયાનનો પ્રેરક અનોખો પ્રયોગ

રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં અમરપુર જાલૂ નામનું નાનકડું ગામ છે. આ ગામના સરપંચ શ્રી એડવોકેટ રાજેન્દ્ર મૂંડેએ ઉપરોક્ત અભિયાન માટે એક અનોખો પ્રેરક સનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. આ ગામમાં આશરે સાડાત્રણ હજારની વસ્તી છે જેમાં છોકરીઓનું પ્રમાણ એક હજાર છોકરામાં ૮૭૨નું છે. જ્યારે દેશમાં આ પ્રમાણ ૯૪૦ છે. ગામની આ પરિસ્થિતિની ચિંતા સૌકોઈને સતાવવા માંડી. સરપંચશ્રીએ એક નાનકડો પ્રયોગ શરૂ કર્યો. ગામના જાહેર માર્ગોના નામ ગામની દિકરીઓને નામે જ રાખવાનો ઠરાવ કર્યો. હાલમાં ગામમાં આવા જ એક માર્ગનું નામ 'બિરખા-સાક્ષી' માર્ગ રાખ્યું છે. આ બન્ને આ ગામની જ દિકરીઓ છે. મુખ્ય સડક સાથે જોડાયેલ આ માર્ગ પર આ બંનેના નામે તકતી લગાડી છે જેનું ઉદ્‌ઘાટન પણ આ બંનેએ કર્યું છે તેવો ઉલ્લેખ છે. ભવિષ્યમાં પણ ગામની તમામ સડકોના નામ પણ ગામની દિકરીઓના નામ રખાશે. સમગ્ર ગામવાસીઓ પણ સરપંચશ્રીના આ પ્રયોગથી ખુશ છે. આવનાર દિવસોમાં ગામમાં દિકરીઓની સંખ્યા દેશના પ્રતિશતપ્રમાણ ૯૪૦ને પાર કરશે તેવી આશા સેવાઈ રહી છે. ભલે આ પ્રયોગ નાનકડો લાગે પણ દિકરીઓને મહત્વ આપતો આ પ્રયોગ સૌ સરપંચો તથા દેશની રાજનીતિને નવી દિશા સૂચવનારો બની રહેશે.

## રાજસ્થાનના સીકર ગામમાં અનોખો લગ્નપ્રસંગ

સામાન્યતઃ લગ્નપ્રસંગે લગ્નમંડપ, બેન્ડવાજા, ફૂલોની સજાવટ તથા વિવિધ વ્યંજનો તથા ખાસ મહેમાનોની અલગ વ્યવસ્થા વગેરે અનેક બાબતો પર ધ્યાન અપાતું હોય છે. તેમાં જેને ત્યાં લગ્નપ્રસંગ હોય તેના પર આર્થિક ભારણ રહે છે. અનિચ્છાએ પણ સમાજમાં દેખાદેખી તથા લોકના દબાણ વશ ન છૂટકે લગ્નપ્રસંગે ઉપરોક્ત વ્યવસ્થા ગોઠવવી પડે છે. આવા સંજોગોમાં રૂઢીચુસ્ત રાજસ્થાન સમાજમાં સીકરની શાળાના વ્યાયામ શિક્ષક શ્રી ધર્મપાલસિંહે પોતાની દિકરીના લગ્ન અનોખી રીતે કર્યા છે. સમાજમાં રૂઢિચુસ્તતા છોડી સમાજસુધારણા માટે આ શિક્ષકે બીડું ઝડપ્યું છે. તેમણે લગ્નપ્રસંગે નવતર પ્રયોગ કર્યો છે. લગ્નના સ્થળે બેનરો લગાવ્યા હતા. આ બેનરો પર દહેજ, નશો, કન્યાભ્રૂણ હત્યા તથા અનાજના બગાડ અટકાવવા અંગેના સંદેશા આપ્યા છે. શ્રી ધર્મપાલસિંહે દિકરીના લગ્ન પહેલાં વરપક્ષના સર્વે સમક્ષ તેમનો આ વિચાર મૂક્યો હતો. વરપક્ષના સર્વે પણ આ લગ્નપ્રસંગને અનોખી રીતે ઉજવવા સહમત થયા હતા. દહેજ નહીં દેગે, શાદીમેં કોઈ શરાબ નહિ પી જાએગી, નશા કરનેવાલોકો પ્રવેશ વર્જિત આવી ઘણી સૂચનાઓ લગ્નસ્થળે મૂકવામાં આવી હતી. વરમાલાના મંચ પર લખ્યું હતું... જો પિતા દહેજ લેતા હૈ વો પિતા નહિ વિક્રેતા હૈ. ભોજન કક્ષમાં લખ્યું હતું... જૂઠા નહિ છોડો, જિતના ખાઓ ઉતના પ્લેટમેં લેં, ક્યોંકી દેશમેં કઈ લોગ હર રોજ ભૂખે સોતે હૈં, યહાઁ બચા હુઆ ખાના કિસી ભૂખે કા નિવાલા બન સકતા હૈ. આ અનોખો લગ્નપ્રસંગ યોજનાર શિક્ષક ગાયત્રી પરિવાર સાથે સંકળાયેલ છે. તેમનો સંદેશ આપણા માટે પણ પ્રેરક તથા સમાજહિતની દિશા સૂચવનાર બની રહે તેમ છે.

## ઉત્તર પ્રદેશની વિધાનસભાના નવનિર્વાચિત અધ્યક્ષે અંગ્રેજોની પરંપરાને વિદાય આપી

ઉત્તર પ્રદેશની વિધાનસભાના નવનિર્વાચિત અધ્યક્ષ હૃદય નારાયણ દીક્ષિતે અધ્યક્ષની નીમણૂક માટેની છેલ્લા છ દસકાઓથી અંગ્રેજોની પરંપરાને તોડીને શપથ લીધા છે. સામાન્યતઃ ભારતમાં વિધાયી પરંપરા પ્રમાણે વિધાનસભામાં અધ્યક્ષની નિમણૂંક વેળાએ જે અધ્યક્ષ નિમાવાના હોય તેમણે વિધાનસભામાં હાજર ન રહેતાં બાજુના કોઈ રૂમમાં બેસવું પડતું હોય છે. જ્યારે વિધાનસભા અધ્યક્ષની નીમણૂંકની ઘોષણા થાય ત્યારબાદ તે વિધાનસભામાં પ્રવેશે છે અને શપથ લેતા હોય છે. આ અંગ્રેજોની પરંપરા પણ આપણે દેશમાં ચાલીત હતી. પણ શ્રી અધ્યક્ષ હૃદય નારાયણ દીક્ષિત આ પરંપરા પ્રમાણે બીજા અલગ રૂમમાં ન બેસતાં બધા જ વિધાનસભા સદસ્યોની સાથે વિધાનસભામાં જ બેસી રહ્યા અને ત્યાંથી જ તેમણે તેમના કાર્યગ્રહણ શપથ લીધા. અધ્યક્ષ દીક્ષિતે તેમના આ વર્તનનો ખૂલાશો આપતા ચોંકાવનારી માહિતી આપી. તેમણે બતાવ્યું કે ઇંગ્લેન્ડમાં અંગ્રેજી પરંપરા પ્રમાણે સદનનો અધ્યક્ષ રાજાના સંદેશ વાહકના રૂપમાં કામ કરે છે. ઇંગ્લેન્ડમાં અર્ધો ડઝનથી પણ વધુ અધ્યક્ષોને મોતને ઘાટ ઉતાર્યા હતા જેમણે રાજા/રાણીના અપ્રિય સંદેશા લોકો સુધી પહોંચાડ્યા હતા. તેથી ત્યાં અધ્યક્ષનું નામ છૂપાવવામાં આવતું અને તેથી અધ્યક્ષો પણ છુપાવા લાગ્યા અને તેમને શોધી કાઢીને અધ્યક્ષપણું અપાતું. આ પરંપરાને તોડી અધ્યક્ષ દીક્ષિતે અધ્યક્ષપદની સ્વતંત્રતાને ગૌરવ અપાવ્યું છે.

## ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખ સહયોગી બેનન ભગવદ્‌ગીતાના પરમભક્ત

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખ રણનીતિકાર તથા રાષ્ટ્રીય સુરક્ષા સંગઠનના સદસ્ય સ્ટીવ બેનન ભગવદ્‌ગીતાના ભક્ત છે. સ્ટીવ બેનન દૃઢપણે માને છે કે યુદ્ધના મેદાનમાં અર્જુનની જેમ મોહગ્રસ્ત થઈ શસ્ત્ર ન ઉપાડવાથી વિશ્વનું કલ્યાણ થશે નહિ. શ્રીકૃષ્ણની પ્રેરણાની જેમ જ હાલમાં દુષ્ટોના સંહાર કરવા શસ્ત્રો ઉપાડવા જ પડશે. આમ કરવાથી વિશ્વ બચી શકશે. વિશ્વકલ્યાણનો માર્ગ ભગવદ્‌ગીતામાં સમાવિષ્ટ છે તેવું દૃઢપણે સ્ટીવ બેનન માને છે. તેઓ તેમના ભાષણમાં તથા વાર્તાલાપોમાં ભગવદ્‌ગીતાના શ્લોકે બોલે છે. આટલું જ નહિ પણ તેઓ હિન્દુધર્મના પ્રશંસક પણ છે. લાંબા સમય સુધી તેમની સાથે રહેલ તેમની સહયોગી જૂલિયા પણ બેનનથી પ્રભાવિત છે. મનુષ્ય જીવનમાં ધર્મની સાથે ધર્માચરણ જ મહત્વનું છે.

## દિલ્હીની સમાજસેવી સંસ્થા 'ચેતના' તથા દિલ્હી પોલીસ 'સ્ટ્રીટ ચિલ્ડ્રન'ની વહારે

વર્ષ ૨૦૦૨માં દિલ્હીમાં સમાજસેવી સંસ્થા 'ચેતના'નો પ્રારંભ થયો હતો. શહેરની ગલીઓમાં તથા રેલ્વે સ્ટેશનો પર ભટકતા લાચાર નિરાધાર તથા સહાય માટે વલખાં મારતાં બાળકો પર આ સંસ્થાના સમાજસેવકોનું ધ્યાન ગયું. ઘરોમાંથી ઉઠાવીને લાવેલ, ઘરેથી ભાગી રેલવેમાં બેસીને માતા-પિતાથી વિખુટા પડેલ તથા ખરાબ આદતોના શિકાર બનેલ આ બાળકોનો સંપર્ક કરી તેમના જીવનને બચાવવાના સંકલ્પ સાથે આ સંસ્થા કામ કરી રહી છે. આ સંસ્થાને દિલ્હી પુલિસની રેલવે વિંગે મોટો સહયોગ આપ્યો છે. દિલ્હી પોલીસે છેલ્લા ૩ વર્ષો દરમિયાન ૩ હજાર 'સ્ટ્રીટ ચિલ્ડ્રન'ને બચાવી તેમના પુનર્વસનની વ્યવસ્થા કરી છે. દિલ્હી પોલીસ તથા આ સંસ્થાએ સંયુક્ત રીતે નિજામુદ્દીન પોલીસ સ્ટેશનમાં એક સ્કૂલ પણ ખોલી છે. ત્યાં આ બાળકોના નિવાસ તથા શિક્ષાની પણ વ્યવસ્થા છે. દરરોજ લગભગ ૪૦ થી ૫૦ આવા બાળકો મળે છે. સંસ્થા શક્ય હોય તેટલાં બાળકોની પોલીસની મદદથી ઘરવાપસી પણ કરાવે છે. છતાં જે બાળકોનો કોઈ આધાર મળતો નથી તેમને સહાય કરવામાં આવે છે. દિલ્હી પોલીસે ૬ મહિનામાં આવા ૫ હજાર સ્ટ્રીટ ચિલ્ડ્રનને આધાર કાર્ડ ઉપલબ્ધ કરાવ્યા છે. સંસ્થાની સાથે જોડાયેલ મનીષા ભાટિયાના જણાવ્યા મુજબ આ સંસ્થા સૌના સહયોગથી આગળ વધી રહી છે.

## ભારતના સ્વચ્છતા અભિયાનથી પ્રભાવિત થયા માઈક્રોસૉફ્ટના સંસ્થાપક બિલ ગેટ્સ

દુનિયાના સૌથી ધનવાન અને માઈક્રોસૉફ્ટના સંસ્થાપક બિલ ગેટ્સે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાનની તારીફ કરી છે. એક બ્લૉગમાં તેમણે જણાવ્યું છે કે ભારતના પહેલા એવા પ્રધાન છે કે જેમણે જાહેરમાં શૌચક્રિયાને નાબુદ કરવા સ્વચ્છતા અભિયાન ચલાવ્યું છે. લાલકિલ્લા પરના શ્રી મોદીના ભાષણની ટિપ્પણીની પણ તેમણે નોંધ લીધી છે. ભારતે ૨૦૧૯ સુધીમાં દેશમાં સાડા સાત કરોડ શૌચાલયો બનાવવાની દિશા નિર્ધારિત કરી છે. દેશવાસીઓનો આ શૌચાલયોના નિર્માણ માટે સહકાર સાંપડી રહ્યો છે તથા તેમણે શ્રી મોદી અંગે પણ દેશવાસીઓને સંદેશો આપ્યો છે કે ભારતમાં આ પ્રથમ વડાપ્રધાન છે જે માત્ર વાતો કે સંકલ્પથી સંતુષ્ટ નથી પણ કામ કરવામાં હંમેશા સક્રિય છે. વિશ્વનો આવો નામાંકિત વ્યક્તિ ભારત સ્વચ્છતા અભિયાનની સરાહના કરતો હોય ત્યારે આપણા સૌની પણ ફરજ બની રહે છે કે સ્વચ્છતા અભિયાનને સફળ બનાવીએ. જાહેરમાં શૌચક્રિયા દેશવાસીઓ માટે કલંક તથા શરમજનક ઘટના છે. સૌના સાથ અને સહકારથી દેશમાં જાહેર શૌચક્રિયા સદંતર બંધ થશે જ તેવા દ્રઢ નિર્ધારથી સ્વચ્છતા અભિયાન આગળ વધી રહ્યું છે.

## જાપાનમાં સાંસદો પણ યોગનો પ્રચાર કરશે

જ્યારથી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રી યોગ દિવસ જાહેર કરાયો છે ત્યારથી ભારત તથા વિશ્વના અનેક દેશો યોગ પ્રત્યે આકર્ષાયા છે. યોગના ફાયદા જણાતા તેના પ્રચાર-પ્રસાર માટે સૌ કોઈ પ્રયત્નશીલ છે. આ વર્ષના આ દિવસની ઉજવણી માટે તથા યોગના પ્રચાર માટે જાપાનના સાંસદોએ પણ પૂર્વતૈયારી કરવા માંડી છે. જાપાનમાં પહેલી એપ્રિલે જાપાનના ૪૨ સાંસદોએએ યોગના પ્રચાર માટે સંકલ્પ લીધો છે. સાંસદોએ આ અંગે સમિતિ બનાવી છે. જાપાનના પૂર્વ શિક્ષણ અને સાંસ્કૃતિક મંત્રી હુકુબન શિમોપૂરા આ સમિતિના અધ્યક્ષ રહેશે. સાંસદ યામાદ હિરોશી આ સમિતિના સચિવ તથા સાંસદ હોસોદા સમિતિના સલાહકાર રહેશે. આ યોગના માધ્યમથી ભારત-જાપાનના સંબંદો સુદૃઢ થશે. વર્ષ ૨૦૧૭ને જાપાને ભારત-જાપાન સંબંધોના વિસ્તૃતીકરણના વર્ષ તરીકે ઉજવવાનું ઘોષિત કર્યું છે.